**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરની સુહાગણો વર્ચ્યુઅલ કરવાચોથ ઉજવશે

## કોરોનાને કારણે શહેરમાં ઓનલાઈન કરવાચોથની પૂજા યોજાશે : વ્રત કરનાર સુહાગણો આજે કાળા વસ્ત્રોનો ત્યાગ કરશે





ગાંધીનગર, તા.૩

આજે આસો વદ ચોથ. આજના દિવસે કરવાચોથનું વ્રત થાય છે જે ખાસ પત્નિ પોતાના પતિની દીર્ઘાયુ માટે કરે છે. શહેરની અનેક મહિલાઓ પોતાના પતિ માટે આજે આ વ્રત કરશે. આમ તો કરવાચોથની પૂજા દરેક બહેનો મળીને કરતી હોય છે પરંતુ આ વર્ષે કરવાચોથની વર્ચ્યુઅલ પૂજા યોજાશે. ગુજરાતમાં જેમ વટસાવિત્રીનું વ્રત કરવાનું મહત્વ છે તેમ ઉત્તર ભારતમાં કરવાચોથનું વ્રત સુહાગણો દ્વારા કરવામાં આવે છે. શહેરમાં દર વર્ષે ગુજરાતી, પંજાબી, મારવાડી તમામ મહિલાઓ દ્વારા કરવાચોથની પૂજા દર વર્ષે થાય છે અને આ વર્ષે પણ ઓનલાઈન વર્ચ્યુઅલ પૂજા યોજાશે.

આ વર્ષે કોરોનાને કારણે કરવાચોથની વર્ચ્યુઅલ પૂજા શહેરના ભૂમિબેન જોગાણી દ્વારા બપોરે ૪ વાગ્યે યોજાશે. ઝૂમ મિટીંગ પર યોજાનાર આ પૂજાનો મીટીંગ આઈડી ૯૮૨૫૮૧૩૮૯૯, પાસકોડ : bhoomi2020 રાખવામાં આવ્યો છે.

ઉત્તર ભારતમાં પતિના દીર્ઘાયુ માટે કરવામા આવતું કરવાચોથના વ્રતનું મહત્વ હવે ગુજરાતી મહિલાઓમાં પણ વધ્યું છે. શહેરની પરિણીતાઓ આ આકરા વ્રતને ખૂબ જ શ્રધ્ધાપૂર્વક કરે છે. જેમાં આખો દિવસ ભૂખ્યા રહી સાંજે ચંદ્ર ન આવે ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ કરવાનો હોય છે. કરવાચોથના વ્રતની શરૂઆતમાં ચોથના દિવસે સવારે ઘરની વ્રત કરતી વહુને સાસુ દ્વારા સરગી અપાય છે અનો ત્યારબાદ ફેનીયા આરોગાય છે. ફેનીયા આરોગ્યા બાદ આખો દિવસ સુહાગન સ્ત્રી અન્નજળનો ત્યાગ કરી પૂજા કરે છે અને રાત્રે ચંદ્રની હાજરીમાં પતિ સામે ચાંદ જોઈ વ્રત છોડે છે. આ વર્ષે કોરોનાને કારણે સાસુ જે બહારગામ હોય તો સરગી રસમ પણ ઓનલાઈન જ થાય છે.

કરવાચોથની પૂજામાં સુહાગ અને પૂજાની થાળીનું પણ ખૂબ જ મહત્વ છે. આ દિવસે સુહાગનો દ્વારા મહેંદી સાથે સોળ શણગાર સજીને પૂજા કરાય છે. પૂજાની થાળીમાં ઘીનો દીવો, ફળાહાર તથા ડ્રાયફ્રુટ રાખવામાં આવે છે. પૂજા કરતી વખતે સ્ત્રીઓ પૂજાની થાળીને એકબીજાના હાથોહાથથી ફેરવે છે તે દરમિયાન શ્લોકનું આચરણ થાય છે ત્યારબાદ કરવાચોથની પૌરાણિક વાર્તા વંચાય છે. રાત્રે ચાંદ દેખાય ત્યારે સુગાહણો ચાંદની પૂજા કરે છે. ત્યારબાદ ચારણીમાં ચાંદ જોઈ પતિના મુખને સામે રાખી પૂજા પૂર્ણ કરે છે. ત્યારબાદ પતિ દ્વારા પત્નિને કાચી લસ્સી પીવડાવાય છે અને પછી પાણી પીને વ્રત છોડાય છે. આ વર્ષે પણ ફકત પૂજા ઓનલાઈન થશે બાકી તમામ રીવાજ ઘરે જ શહેરની સુહાગણો દ્વારા પાળવામાં આવશે.

## સે-૧૧માં અખબારભવન પાસેની ચોકડીએ સ્ટ્રીટલાઈટની તાતી જરૂરિયાત.. !!

ગાંધીનગર, તા.૩


ગાંધીનગરના સેકટર-૧૧માં રાધે સ્વીટથી બીએસએનએલ તરફ જવાના માર્ગે અખબારભવન પાસેની ચોકડીએ સ્ટ્રીટલાઈટ ના હોવાના કારણે મોડી સાંજથી વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચોકડી પર ધોળા દિવસે પણ વારંવાર નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે જેના કારણે અહીં સ્પીડબ્રેકરની જરૂરિયાત છે તેવી અગાઉ માંગ ઉઠી ચુકી છે પરંતુ રાત્રિના સમયે અહીં ઘણીવાર અફરા તફરી સર્જાય છે તેથી આ ચોકડીએ જો સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા થાય તો અકસ્માતનું જોખમ ટળી શકે છે.

શહેરમાં શિયાળાનો ધીમા પગલે પ્રારંભ થઈ ચુકયો છે અને તેના કારણે સાંજે અધારું વહેલું થઈ જવા પામે છે. સેકટર-૧૧માં વાણિજય સંકુલોનો વિકાસ સારો થયો હોવાથી આ વિસ્તારમાં મુલાકાતીઓની સંખ્યા ખૂબ વધી છે જેના કારણે વાહનવ્યવહારમાં પણ વધારો થવા પામ્યો છે. રાધે સ્વીટથી બીએસએનએલ તરફ જતા અખબારભવન પાસેના ચાર રસ્તે વધેલા ટ્રાફીકના કારણે દિવસે પણ ઘણીવાર બે વાહનો વચ્ચે નાની મોટી ટકકર થવાથી અને તું તું - મૈં મૈં જેવી ઘટનાઓ સર્જાતી રહે છે. આ કારણે આ ચોકડી નજીક બીએસએનએલ તરફથી આવતા અને અખભર ભવન તરફથી આવતા માર્ગે સ્પીડ બ્રેકરની જરૂરિયાત અંગે અગાઉ પણ માધ્યમોમાં અહેવાલો પ્રગટ થયેલાં છે. અત્યારે શિયાળાની ઋતુના કારણે સાંજે ૬ વાગ્યા પછી અંધારું થવા લાગે છે તે સમયે નજીકમાં નવા સચિવાલય, વિધાનસભા સહિત કૃષિ ભવન, પુરવઠા નિગમ, નિર્માણ ભવન, કર્મયોગી ભવન જેવા સરકારી ભવનોમાં અનેક કચેરી આવેલી છે જેનો સ્ટાફ છુટે ત્યારે ચ માર્ગ તરફથી આવતો ટ્રાફિક વધી જાય છે આ સમયે આ ચોકડીએ સ્ટ્રીટલાઈટની ખૂબ આવશ્યકતા જણાય છે જેથી અકસ્માતના જોખમને ટાળી શકાય.

# સેકટર-૮માં નિવૃત વિંગ કમાન્ડરના ઘરમાંથી ૧૮.૧૮ લાખની ચોરી

## ચોર ઈસમો મુખ્ય દરવાજાની બાજુમાં લોખંડની જાળીની અંદરના ભાગે મારેલુ તાળુ તોડીને અંદર પ્રવેશ્યા







ગાંધીનગર, તા.૨

શહેરના વીઆઈપી સેકટર-૮ માં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. નિવૃત વિંગ કમાન્ડરના બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ચોર ઈસમોએ મુખ્ય દરવાજાની બાજુમાં લોખંડની જાળીની અંદરના ભાગે મારેલુ તાળુ તોડીને અંદર પ્રવેશ્યા હતા. ઘરમાંથી સોના-ચાંદી, ડાયમંડના દાગીના, ઘડીયાળ, કપડા અને રોકડ મળી કુલ રૂ.૧૮.૧૮ લાખની મત્તાની ચોરી થઈ છે. પરિવાર દિલ્હી ગયો હતો, તે સમય દરમિયાન નિશાચરો ઘરમાં ઘુસીને કળા કરી ગયા છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી હાહાકાર મચાવી રહ્યા છે. શહેરમાં ઘર સલામતી જોખમાઈ રહી છે, કહેવાતા પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો બિન્દાસ્ત ચોરી કરીને સિફતપૂર્વક જતા રહે છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૮ બી પ્લોટ નં. ૯૧ ખાતે રહેતા એરફોર્સના નિવૃત વિંગ કમાન્ડર મનોજ પ્રકાશચંદ્ર મિત્તલ, પત્ની અને દિકરી સાથે રહે છે. જયારે તેમનો દિકરો દિલ્હી ખાતે રહે છે. દિકરાના ઘરે દિકરીનો જન્મ થતા ફરીયાદીના પત્ની અને દિકરી દિલ્હી ખાતે ગયા હતા. ત્યારબાદ ફરીયાદી પણ તા.૨૧ ઓકટોબરના રોજ સવારે ઘરને તાળુ મારીને દિલ્હી ગયા હતા. દિલ્હી ખાતે દિકરાના ઘરે ૧૦ દિવસ રોકાણ કરીને તેઓ ગાંધીનગર નિવાસસ્થાને પરત ફર્યા હતા. ફરીયાદી ઘરનું લોક ખોલીને અંદર ગયા હતા, તેમણે જોયું તો ટેબલ પર મુકેલુ પોર્ટ નીચે પડેલું જોવા મળ્યું હતું. જેથી તેમણે ઘરમાં તપાસ કરતા સ્ટોરરૂમ અને બેડરૂમમાં રહેલી તિજોરી ખુલ્લી જોવા મળી હતી. તિજોરીમાં રહેલા સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. ઘરમાંથી ચોર ઈસમો સોનાનું મંગળસુત્ર, સોનાની ૯ વીંટી, સોનાની બંગડીઓ, સોનાની ચેઈન, સોલેટીયર રીંગ, લકી, ડાયમંડ સેટ, સોનાનો હાર, બુટ્ટી, અમેરીકન સોનાની ડાયમંડ ચેઈન, ચાંદીના ઝાંઝર, ચાંદીના ૫ સિક્કા, મળી કુલ રૂ.૧૬.૬૯ લાખના દાગીના, રૂ.૫ હજારની ટાઈટનની ઘડીયાળ, રૂ.૫ હજારના કપડા, અને રૂ.૧.૩૯ લાખ રૂપીયા રોકડા મળી કુલ રૂ.૧૮.૧૮ લાખની મત્તા ઘરમાંથી ચોરી થઈ હતી. જે અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.





## સેકટર-૫-૬ ના કટ પાસે બાઈક-કાર વચ્ચે અકસ્માત

શહેરના સેકટર-૫-૬ કટ પાસે બપોરના સમયે પલ્સર-૨૨૦બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ ધુમ સ્પીડે બાઈક ચાલકે અચાનક કાબુ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈને કાર સાથે ટકરાયું હતું. જો કે આ અકસ્માતમાં બાઈક ચાલકને ઈજા પહોંચી હતી.જયારે અકસ્માત બાદ બાઈકમાં સ્પાર્ક થતા સળગતા સ્થાનિકોએ પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો.

# સેકટર-૨૧ નોનવેજની લારી પાસેથી બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલની સામે સર્વિસ માર્ગ પર આવેલી નોનવેજની લારી પરથી બે સટ્ટોડીયાને સેકટર-૨૧ પોલીસે પકડી પાડ્યા છે. આઈપીએલની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને દિલ્હી કેપીટલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા હતા. પોલીસને બે યુવકોની અંગજડતી દરમિયાન રૂ.૨૧૦૦ અને રૂ.૨૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને સટ્ટા અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સેકટર-૨૧ નોનવેજની લારી પર થી પેથાપુર મુલચંદ પાર્ક મુસ્લિમ સોસાયટી રહેતા અબ્દુલ ફારૂકભાઈ મેમણ (ઉં.૨૫) અને સઈદ ઉર્ફે મુન્ના ઘનીભાઈ મનસુરી (ઉં.૩૫) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે અબ્દુલ પાસે રહેલ મોબાઈલ ચેક કરતા એપ્લિકેશનમાં જુદી-જુદી રકમના સટ્ટાના રમેલા સોદા મળી આવ્યા હતા. સઈદે એપ્લિકેશન આઈડી અબ્દુલનો માણસાના કે.બી.ચૌધરી અને ગીરીશ ચૌધરી પાસેથી અપાવ્યું હતું. જે અંગે સઈદ કમિશન લેતો હતો.આઈડી પર બંને શખ્સો આઈપીએલની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને દિલ્હી કેપીટલ વચ્ચે રમાતી મેચ પર સટ્ટો રમતા હતા. પોલીસે રોકડ રૂપીયા અને મોબાઈલ મળીને કુલ રૂ.૪૬૦૦ કબ્જે કરી ચાર શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પાલજ જીત બંગ્લોઝ ખાતે ચોર શખ્સોનો હાથફેરો

## શિક્ષક પરિવાર વતનમાં ગયો હતો, બંધ મકાનમાં અંદર પ્રવેશી સોના ચાંદીના દાગીના રોકડ મળી કુલ ૧.૮૬ લાખની ચોરી

ગાંધીનગર, તા.૩

પાલજ જીત બંગ્લોઝ ખાતે મકાન નં.૯ માં તસ્કરોએ હાથફેરો કર્યો છે. બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ રૂ.૧.૮૬ લાખની મત્તાની ચોરી થવા પામી છે. શિક્ષકનો પરિવાર વતન ગયો હતો તે સમયે ચોર શખ્સો એ ચોરીનો અંજામ આપ્યો હતો. ચિલોડા પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પાસે કેન્દ્રીય વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કરણભાઈ મેઘાભાઈ સોલંકી (ઉં.૪૪) પોતાના પરિવાર સાથે પાલજ જીત બંગ્લોઝ મકાન નં.૯ ખાતે રહે છે. ફરીયાદીને વેકેશન હોવાથી પરિવાર સાથે ગત તા.૨૧ ઓકટોબરના રોજ વતન વિરમગામ ગયા હતા. ત્યારબાદ તેઓ તા.૧ નવેમ્બરના રોજ સાંજના સુમારે પરત જીત બંગ્લોઝ ખાતે આવ્યા હતા. ફરીયાદી ઘરમાં જવા માટે લોખંડની જાળી ખોલી અંદર જતા મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો અને દરવાજો ખુલ્લો હતો. ફરીયાદીએ મકાનની અંદર જઈ તપાસ કરતા બેડરૂમનો કબાટનો અને ઉપરના માળે આવેલ સામાન વેર-વિખેર હાલતમાં હતો. બેડરૂમમાં કબાટમાં મુકેલા સોના ચાંદીના દાગીના અને રોકડ ગાયબ હતી. જેમાં એક સોનાની ચેઈન, બે સોનાની વીંટી, સોનાની બુટ્ટી, ચાંદીના છડા ત્રણ જોડ, અને રોકડ રૂ.૩ હજાર સહિત કુલ રૂ.૧.૮૬ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. દેસાઈ ગીરીશભાઈ આત્મારામ, ઉ.વ. ૭૮, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ડાભી તખુબા ઉમાજી, ઉ.વ. ૭૦, ખોરજડાભી, તા. કલોલ
- સ્વ. ઉજીબેન છગનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. રાઠોડ ભલાજી મંગાજી, ઉ.વ. ૪૫, દોલારાણા વાસણા, તા. ગાંધીનગર
- સ્વ. પરમાર કેશરબેન પ્રહલાદભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. વ્યાસ મિતુલકુમાર વિષ્ણુભાઈ, ઉ.વ. ૩૮, પાલજ, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ કોકિલાબેન વિનુભાઈ, ઉ.વ. ૫૮, શાહપુર, તા. ગાંધીનગર
- સ્વ. બુધાભાઈ હિરાભાઈ રાઠોડ, ઉ.વ. ૮૫, સેકટર-૨, ગાંધીનગર

## ઈન્ડિયન રેડક્રોસ દ્વારા જરૂરિયાતમંદ દર્દીને નિઃશુલ્ક રેમડીસીવિર ઈન્જેકશન અપાશે

ગાંધીનગર, તા.૩

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા કોરોના મહામારીના વિષયક અનેક રીતે સેવા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કોરોના દર્દીની સારવારમાં ઉપયોગી એવા રેમડીસીવિર ઈન્જેકશનના ખર્ચને પહોંચી વળતા દર્દીઓ માટે દાતા પરીવારના અનુદાનથી જિલ્લા રેડક્રોસ દ્વારા નિઃશુલ્ક ઈન્જેકશન આપવામાં આવશે. રેડક્રોસ જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા જણાવાયું છે કે રેમડીસીવિર ઈન્જેકશન મેળવવા માટે દર્દીએ જરુરી આધાર પુરાવા અનો ડોકટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે નિયમ પ્રમાણેની યોગ્યતાની ખરાઈ કરીને આ ઈન્જેકશન જરૂરતમંદ દદીઓને પુરા પાડવામાં આવશે. તેનાથી દરેક દર્દીને મોટી રાહત મળશે તથા આ સેવા મેળવવા માટે ૯૮૨૪૦૨૯૯૦૨ પર સંપર્ક કરવા પણ જણાવાયું છે.




શ્રી રાજપુત સમાજ ગાંધીનગરની સામાન્ય સભા કેશરીસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો તેમજ વાર્ષિક અહેવાલ હિતેન્દ્રસિંહ રાઓલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ અવસરે નવા વરાયેલા પ્રમુખ વિક્રમસિંહ, પી.પી. બિહોલા તેમજ શંકરસિંહ રાણા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

## ધ ગલ્લા પાન પાર્લર ખાતે ચાર શખ્સોએ તોડફોડ કરી

ગાંધીનગર, તા. ૩

કુડાસણ વિસ્તારમાં આવેલા ધ ગલ્લા પાન પાર્લર ખાતે નોકરી કરતા વિરુ ભોજાભાઈ ગરચરે ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તે પોતાના બે મિત્રો સાથે પાર્લર ખાતે નોકરી કરે છે. સોમવારના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં પ્રતિપાલસિંહ રાણા તેમજ બીજા ત્રણ યુવકો આવ્યા હતા. તેઓએ પાર્લરમાંથી વસ્તુઓ વિના મુલ્યે લેવાની વાત કરી હતી. જેથી રેનીસે તેઓને કહ્યું હતું કે બે દિવસ પહેલા ચશ્મા અને લાઈટર અંગે થયેલી બોલાચાલી પુરી થઈ ગઈ છે. હવે શુ છે અને ચીજવસ્તુ લેવી હશે તો રૂપીયા આપવા પડશે.જેથી ચારેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગલ્લા માં રહેલી ચીજવસ્તુઓ છુટ્ટી ફેંકવા લાગ્યા હતા.

તે ઉપરાંત કાલથી વેપાર નહી કરવાનો અને કરવો હશે તો અમોને મફત આપવુ પડશે કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી દુકાનમાં ફરજ બજાવતા વિરુ ગરચરે પોલીસ મથકે પ્રતિપાલસિંહ રાણા અને અન્ય ૩ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.